# મોડાસા કટલરી-કરિયાણા એસોસીએશન દ્વારા માણેક મહોત્સવ દબદબાપૂર્વક યોજાયો

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા કટલરી-કરિયાણા મર્ચન્ટ એસોસિએશનના ૪૦ વર્ષ પૂર્ણ થતા એસોસિએશનના હોદ્દેદારો અને સભ્યો દ્વારા ભવ્ય માણેક મહોત્સવ યોજાયો હતો. ઉજવણી સપ્તાહના ભાગરૂપે શહેરના ભામાશા હોલ ખાતે સતત સાત દિવસ વિવિધ સાંસ્કૃતિક અને સ્પર્ધાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.



મોડાસા શહેરના કોલેજ સંકુલ સ્થિત ભામાશા હોલમાં આયોજીત ઉજવણી સપ્તાહમાં મોડાસા કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશનના પરિવારજનો અને બાળકોમાં રહેલી પ્રાતિભા બહાર લાવવા ચિત્ર, મહેંદી, સહિતની વિવિધ સ્પર્ધા, મનોરંજન માટે, હાસ્ય દરબાર, સંગીત સંધ્યા તથા મોટીવેશનના કાર્યક્રમો પણ યોજાયા હતા. આ મહોત્સવની પૂર્ણાહૂતિ આજે યોજાઈ હતી. જેમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, અરવલ્લી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ કનુભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અને દિપ પ્રાગટ્ય કર્યુ હતુ. કનુભાઈ પટેલે પોતાના ઉદ્દબોધનમાં શહેરની વેપારી એકતા અને સંબંધો ઉપર ભાર મુક્યો હતો. જ્યારે



(તસવીર : જય અમીન, મોડાસા)

કાર્યક્રમમાં ડાયરીનું આમંત્રિતો દ્વારા વિમોચન કરી પ્રસંગોચિત ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોડાસા શહેરના કરિયાણા-કટલરી ચેરમેન પંકજ બુટાલા, નાગરિક બેંકના ચેરમેન સુભાષભાઈ શાહ, અરવલ્લી ચેમ્બર ઓફ કોમર્સના કનુભાઈ પટેલ, નવીનભાઈ મોદી, મહેશ ઉપાધ્યાય, વિવેક પટેલ, શૈલીન પટેલ, ઈસ્માઈદાદુ સહિતના આમંત્રિતો હાજર રહ્યા હતા. જેનું શાબ્દીક સ્વાગત એસોસિએશનના પ્રમુખ જગદીશભાઈ ભાવસારે કર્યુ હતુ.

## સંજય ગુપ્તાની જામીન અરજી પર મંગળવારે ફેંસલો

અમદાવાદ, તા.૨૪

કરોડો રૂપિયાના મેગા પ્રોજેક્ટમાં આરોપી પૂર્વ આઈએએસ અધિકારી સંજય ગુપ્તાની જામીન અરજી ઉપર મંગળવારના દિવસે કોર્ટ નિર્ણય કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. શુક્રવારના દિવસે એડિશનલ સેશન જજ એનકે દવેની કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી તે ગાળા દરમિયાન ડિફેન્સ વકીલ આઈએચ સૈયદે સીઆઈડી ક્રાઈમ દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટ અંગે કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે દલીલ કરી હતી કે, સંજય ગુપ્તા નિર્દોષ હતા અને તેમની સામે ચોક્કસ ઈરાદા સાથે એફઆઈઆર દાખલ કરાઈ હતી.



બોરસદ ખાતે ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમાર અને ઈકબાલભાઈ પટેલની ગ્રાન્ટમાંથી ખેડૂતોના હિતમાં સાડા પાંચ કરોડના ખર્ચે તૈયાર થયેલ વેજીટેબલ સબ માર્કેટિંગ યાર્ડના ઉદ્દઘાટક એ.આઈ.સી.સી.ના અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સચિવશ્રી અહમદભાઈ પટેલ, પ્રમુખ સ્થાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, મુખ્ય મહેમાન પદેશ્રી વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા અને અતિથિવિશેષ તરીકે અમુલના ચેરમેનશ્રી રામસિંહભાઈ પરમાર સાથે મહેમાનો દશ્યમાન થાય છે. આ પ્રસંગે યોજાયેલ ખેડૂત શિબિર-સંમેલનમાં હજારો ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# નારીત્વ દર્શનની સંકલ્પના આજના પુરુષ પ્રધાન સમાજમાં ચોક્કસ પરિવર્તન લાવશે : વસુબેન ત્રિવેદી

### બ્રહ્માકુમારી દ્વારા સીટી પલ્સ સિનેમામાં નારીત્વ દર્શન ફિલ્મ સ્વમાન યા પુરુષ સમાનનું ઉદ્દઘાટન કર્યુ : ૮૫૦ થી વધુ દર્શકોએ ફિલ્મ નિહાળી : ફિલ્મમાં ૧૩ એપિસોડ છે

ગાંધીનગર, તા. ૨૪

હૃદય હચમચાવી મુકે તેવી તેર એપિસોડની બ્રહ્માકુમારી દ્વારા નારીત્વ દર્શન 'ફિલ્મ સ્વમાન યા પુરુષ સમાન'નો ઉદ્દઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. મુખ્ય અતિથિ તરીકે રાજ્ય કક્ષાના મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાષ્ટ્રીય ફિલ્મોત્સવ-૧૪ પુરસ્કાર વિજેતા ફિલ્મ સ્વમાન યા પુરુષ સમાનનો ઉદ્દઘાટન સમારોહ સીટી પલ્સ થીયેટર ખાતે યોજાયો હતો. તેમજ સ્ક્રીન-૧ અને-૨માં ફિલ્મ દર્શાવવામાં આવી હતી. ફિલ્મ સમારોહનું ઉદ્દઘાટન મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી વસુબેન ત્રિવેદીએ સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, નારીત્વ દર્શનની સંકલ્પના આજના પુરુષ પ્રધાન સમાજમાં ચોક્કસ પરિવર્તન કરશે. બ્રહ્માકુમારી દ્વારા ફિલ્મની આ પહેલ મહિલા સશક્તિકરણની દિશામાં આજની દુનિયામાં મોટુ કદમ છે. તેમણે



બ્રહ્માકુમારીના નારી અસ્તિત્વ અને વિકાસના કાર્યોની પ્રસંશા કરી હતી.

ફિલ્મ નિહાળ્યા બાદ વસુબેને જણાવ્યુ હતુ કે ફિલ્મનું સ્કિનીંગ આધ્યાત્મિક વાતાવરણાં કરવામાં આવ્યું છે. બ્રહ્માકુમારીના આવા પ્રયાસોથી અમારો પણ વિશ્વાસ વધે છે. આપણે સૌ સાથે મળીને એક આદર્શ પરિવાર અને દેશની સ્થાપના કરી શકીશુ.

અધિક મુખ્ય સચિવશ્રી જી. આર. અલોરિયાએ જણાવ્યું હતું કે આજના વિશ્વમાં પચાસ ટકા મહિલા જન સંખ્યામાં સમાજ અને દેશના વિકાસમાં નારીત્વ દર્શનની ફિલ્મ એક પથદર્શક બની રહેશે. જિ. પં. પ્રમુખ હિનાબેન પટેલે જણાવ્યું હતું કે નારીને નહિ નારીત્વને જુઓની ગણી પ્રસંશા કરતા કહ્યું હતું કે આ ફિલ્મ આજના સમયની માંગ છે. ભારતમાં જ નહિ પણ વિશ્વની બધી શાળા અને કોલેજ તેમજ ગામડામાં ફિલ્મ બતાવવી જોઈએ.

કાર્યક્રમમાં બ્ર.કુ. કૈલાશદીદી, પંકજકુમાર આઈએએસ, અનિલ પ્રથમ, મનોજ અગ્રવાલ, આશિષકુમાર દવે ચેરમેન ગુડા, ભગિની ચંદાબેન, બ્ર.કુ. તારાબેન, બ્ર.કુ. રંજનબેન તેમજ ફિલ્મની નિર્દેશિકા ડૉ. સુનિતાદીદી ચાંડક ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા પાલિકાના સીમાંકનને કોંગ્રેસ કોર્ટમાં પડકારશે

મોડાસા, તા. ૨૪

મોડાસા પાલિકાના વોર્ડનું સીમાંકન જાહેર થતાં જ ભાજપ-કોંગ્રેસ વચ્ચે વિવાદ ભો થયો છે.કોંગ્રેસના મત મુજબ મહોલ્લા, વિસ્તાર અને રસ્તાઓનું બીનજરૂરી વિભાજન કરાયું છે. વોર્ડ નં.૧ નવી રચના મુજબ ૧ કિમી લાંબો વોર્ડ બનાવાયો છે.જે નિયમ વિરુદ્ધ છે.આખી વોર્ડ રચના ચૂંટણી પંચની ગાઈડ લાઈન વિરુદ્ધ કાયદા નિયમ વિરુદ્ધ છે. આથી આ સીમાંકન અંગે ચૂંટણીપંચ અને કલેકટરને રજૂઆત કરશે અને જરૂરી પડશે તો કોર્ટના દ્વાર ખખડાવવાની ચીમકી ઉચ્ચારી છે. નોંધનીય છે કે નવેમ્બરમાં યોજાનાર ચૂંટણી માટે બેઠકો વોર્ડ રચના ની ફાળવણી અંગેનું જાહેરનામું જાહેર થતાં જ ઉમેદવારોએ કવાયત હાથ ધરી હતી.

નગરપાલિકાના પ્રમુખ એસ. આર. પટેલના જાણવ્યા મુજબ આ સીમાંકનમાં વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી ધ્યાને લેવામાં આવી છે અને અગાઉના ૧૨ વોર્ડમાંથી ૯ વોર્ડની રચના કરતા વોર્ડ વિસ્તાર વધ્યો છે. મોડાસા નગરની વર્ષ ૨૦૧૧ની વસ્તી ૬૭૬૪૮ને ધ્યાને લઈ સરેરાશ ૭૫૧૬ની વસ્તીનો એક વોર્ડ નવીન સીમાંકનમાં રચાયો છે. ગત ચૂંટણીમાં વોર્ડ દીઠ ૩૦૦૦ હજારથી ૩૫૦૦ મતદારો હતા જયારે આ દરમિયાન વોર્ડ ઘટતાં વોર્ડ દીઠ અંદાજે ૫૦૦ મતદારોનો એક વોર્ડ બનશે.

### સીમાંકન નિયમ વિરુદ્ધ : કોંગ્રેસ

સીમાંકન અંગે જરૂરી રજૂઆત માટે પ્રદેશ કોંગ્રેસે જેઓની પ્રતિનિધિ તરીકે નિયુક્તિ કરી છે તેવા કોંગ્રેસ અગ્રણી અને પાલિકા સદસ્ય આફતાબહુસેન બી. દુરાની ના જણાવ્યા મુજબ આ સીમાંકન મુજબ મહોલ્લા, વિસ્તાર અને રસ્તાઓનું નાહકનું વિભાજન કરાયું છે. વોર્ડ નં.૧ નવી રચના મુજબ ૧ કીમી લાંબો વોર્ડ બનાવાયો છે.જે નિયમ વિરૂધ્ધ છે આખી વોર્ડ રચના ચૂંટણી પંચની ગાઈડ લાઈન વિરુદ્ધ કાયદા વિરુદ્ધ કરાયેલ આ સીમાંકન અંગે ચૂંટણીપંચ અને કલેકટરને રજૂઆત કરી કોર્ટના દ્વાર ખખડાવાશે.

### સીમાંકન ગાઈડલાઈન મુજબનું છે : ભાજપ

જિલ્લા ભાજપાના મહામંત્રી અને શહેર ભાજપા પ્રમુખ ધીરેનભાઈ પ્રજાપતિના જણાવ્યા મુજબ ચૂંટણીપંચ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ જાહેરનામું નિયમબધ્ધ અને ગાઈડ લાઈન મુજબનું છે અને તમામ વોર્ડની રચના ભૌગોલિક પરિસ્થિતિ અને અનામત બેઠકની વસ્તી ધ્યાને રાખી કરાઈ છે.

# કપડવંજ-ડાકોર વચ્ચે અકસ્માતમાં ચારના મોત

વડોદરા, તા.૨૪

કપડવંજ-ડાકોર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. ચાર લોકોના મોતથી ખળભળાટ મચી ગયો છે. આ અકસ્માતમાં અન્ય ૧૦ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ વડોદરા શહેર નજીક સિંગરોટ ખાતેના રાજુપુરા ગામના લોકો ડાકોર પાસે આવેલા ફાગવેલ ગામના ભાથીજી મહારાજના મંદિરે જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. સમગ્ર મામલામાં પોલીસે પોતાની રીતે તપાસ હાથ ધરી હતી.

વડોદરા તાલુકાના સિંધરોટ નજીક રાજુપુરા ગામના ૩૯ જેટલા લોકો આજે વહેલી સવારે ૩ વાગ્યાની સુમારે ફાગવેલ ખાતે આવેલ ભાથીજી મહારાજના મંદિરે દર્શને બાધા કરવા માટે ટ્રેક્ટરમાં બેસી જઈ રહ્યા હતા તે દરમિયાન ત્વરિત ઝડપેથી આવી રહેલી ટ્રકે ટ્રેક્ટરને અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો આ ગમખ્વાર અકસ્માતમાં ટ્રકની ઝડપ તેમજ ટક્કર એવી હતી કે ટ્રેક્ટર આખુ જઈને ગટરમાં પડયુ હતુ આ ગમખ્વાર અકસ્માતમાં ચાર વ્યક્તિઓના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા તેમજ ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમાંથી ૬ લોકોને સારવાર અર્થે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમજ કેટલાંક અન્ય ઈજા ગ્રસ્ત લોકોને અમદાવાદ અને ડાકોરની હોસ્પિટલમાં ખસેડાયા છે. આ ગમખ્વાર અકસ્માત સર્જનાર ટ્રક ચાલક ફરાર થઈ ગયો છે. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ગમખ્વાર અકસ્માતમાં બસી ગયેલા રાજુપુરા ગામના ઠાકોર ભાઈ ભાઈલાલભાઈ પરમાર પોતાના ગામજનો તેમજ ઈજાગ્રસ્ત લોકોને લોહીથી લથપથ હાલતમાં વડોદરા એસએસજી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈને આવ્યા હતા.

## શબ્દાવલી - ૫૭૪૦



### આડી ચાવી

૧. ઘુંઘટ, પરદો (૩)
૪. ખાદીના કપડા પહેરેલ વ્યક્તિ (૪)
૫. ફ્રુટ્સ, જુદા જુદા ફળ (૫)
૬. છુટ્ટી, મંજુરી (૨)
૭. મર્યાદા, આમન્યા (૪)
૧૧. અમલ મૂળ જગ્યા, સપાટ જમીન (૩)
૧૫. કમાવું, મજુરી કરવી (૩)
૧૬. વહેમ, શંકા (૨)
૧૭. ચોરસી, સુતરનું એક સાધન (૩)
૨૦. ઘરડા, વડીલ (તુચ્છકારમાં) (૩)
૨૧. પથ્થરવાળુ, પથરાળ (૪)
૨૨. સ્મશાનગૃહ, અંતિમ ઘાટ (૪)

### ઊભી ચાવી

૧. તિરસ્કાર, ધૃણા (૪)
૨. અતિતીવ્ર, ભયંકર (૪)
૩. ... વડા, (એક ફરાળી વાનગી (૨)
૪. નોકર, મજુર (૩)
૮. ... થાર, નધણિયાતું (૨)
૯. ડિટેકટીવ, ગુપ્તચર (૩)
૧૦. દમકવાળુ, ચમકવાળુ (૫)
૧૨. વિષ્ણુનો છઠ્ઠો અવતાર... નામના ઋષિ (૫)
૧૩. સૈન્ય, કટક (૨)
૧૭. ફડચાડિયું (૩)
૧૮. નાડી, નસ (૨)
૧૯. વણેલું, વણકર (૩)
૨૧. પાઘડી (૨)

### શબ્દાવલી ૫૭૩૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) કારજ (૩) પરવાહ (૫) દીપક (૭) ચુકાદો (૮) રમતવીર (૯) વમળ (૧૦) મૂક (૧૨) વખાણ (૧૪) લબ (૧૬) માવતર (૧૮) કોમલ (૧૯) લાડી (૨૦) વોકળુ

**ઊભી ચાવી :-** (૧) કાગદી (૨) જળકમળવત (૩) પળ (૪) હડદોલો (૬) પરમ (૭) ચુરમુ (૯) વરમાળા (૧૧) કલમ (૧૩) ખારવો (૧૫) બલમ (૧૭) વડી (૧૮) કોળુ

## શાળા પ્રવેશોત્સવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં બનેલા નવા વર્ગખંડો, નવા સંકુલો તેમજ શૌચાલયોની ઉભી કરાયેલી સુવિધાના લોકાર્પણ પણ આ પ્રસંગે થઈ શકે તે માટે દરેક જિલ્લામાંથી રિપોર્ટ માંગવામાં આવ્યો છે.

શાળા પ્રવેશોત્સવની સાથે સાથે સ્માર્ટ સ્કૂલ, વર્ચ્યુઅલ ક્લાસરૂમોનું પણ લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના શિક્ષણ વિભાગે પ્રથમવાર સ્કુલ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવા માટે પણ દરેક જિલ્લાને સૂચવ્યુ છે અને તેમાં થયેલી કામગીરીની વિગતો પણ અલગથી માંગવામાં આવી છે.

રાજ્ય સરકારે શાળા પ્રવેશોત્સવ માત્ર ને માત્ર સરકારી કાર્યક્રમ ના બની રહે તે માટે લોકોની ભાગીદારી કઈ રીતે વધી શકે તેના પર પણ ભાર મુક્યો છે. આ વખતે પ્રવેશોત્સવની સાથે સાથે શાળાના નિવૃત્ત શિક્ષકોનું સન્માન સહિતના કાર્યક્રમો પણ યોજવાની દિશામાં વિચારણા ચાલી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

## નીતિ ઘડાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. મુખ્યમંત્રીએ આ અવસરે જિલ્લા વહીવટીતંત્ર અને માહિતી વિભાગ આયોજિત ગતિશીલ ગુજરાત શાસન સિદ્ધિના એક વર્ષની વિકાસ યાત્રાનું પ્રદર્શન પણ નિહાળ્યું હતું. આનંદીબેન પટેલે રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં ખેડૂતોના ઉત્પાદનને યોગ્ય બજાર વ્યવસ્થા મળે તથા તેમના દ્વારા તૈયાર કરાયેલા ઉત્પાદનનું તાપ-તડકો, વરસાદ કે આફતોથી રક્ષણ થાય તે હેતુસર આવા સેડ આશીર્વાદરુપ બનશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. માર્ગ મકાન અને આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલે રાજ્યમાં કૃષિ કલ્યાણ અભિગમ સાથે ગતિશીલ વિકાસની નેમ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં પાર પાડી છે તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો.

નીતિનભાઈએ કહ્યું હતું કે વર્તમાન બજેટમાં ખેડૂતો પશુપાલકોના વિકાસ સહાય માટે જે અભિનવ પહેલરૂપ યોજના આપી છે તેની પરિપાટીએ કૃષિ વિકાસે પણ નવી દિશા પકડી છે. કેન્દ્રીય કૃષિરાજ્યમંત્રી મોહન કુંડારિયાએ પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતું કે, આનંદીબેનની એક વર્ષની શાસન યાત્રાનો હિસાબ આપવાનો આ મોકો છે. રાજ્ય સરકાર દ્વારા કાર્યક્રમોની વણઝાર ચલાવવામાં આવી છે. રાજ્ય સરકારની લોકકલ્યાણની ખેવનાનો આ બોલતો પુરાવો છે. મોદી દ્વારા મુકાયેલી વિમા અને પેન્શન યોજનાનો લાભ લેવા લોકોને તેઓએ અપીલ કરી હતી. પ્રારંભમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોંડલના અધ્યક્ષે પ્રવચન આપીને સૌને આવકાર્યા હતા.

## જંતર-મંતર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લઈ લે છે. જેના કારણે પણ મુશ્કેલી ઉભી થાય છે. આ પ્રકારની જ તકલીફ મહાત્મા મંદિરથી પથિકાશ્રમ તરફ જતા વાહનચાલકો દ્વારા પણ ઉભી થાય છે. ઘ-૪ સર્કલની આસપાસના તમામ ટ્રાફિક આયલેન્ડ પર દિશાસૂચક બોર્ડની ખાસ અનિવાર્યતા જણાઈ રહી છે.

હાલ ઉનાળાનો સમય હોઈ સાંજના સમયથી મોડી રાત સુધી સ્વર્ણિમ પાર્ક પર મેળાવડો જામે છે. સર્કલની ચારે તરફ આઈસક્રીમ, ઠંડા પીણા, નાસ્તા અને રમકડાં વેચવાવાળાઓના કારણે ભારે ભીડ જામે છે. સ્વર્ણિમ પાર્કમાં ફરવા આવતા સહેલાણીઓના આડેધડ પાર્ક કરાયેલા વાહનો પણ મુશ્કેલીમાં વધારો કરે છે. આ સમયે ટૂ-વ્હીલર્સનું પ્રમાણ વધુ રહેતુ હોવાથી રોંગસાઈડ ડ્રાઈવીંગના દૂષણને કારણે પણ ભારે ગુંચવાડા પેદા થાય છે.

## પારો સ્થિર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું. વાતાવરણમાં ભેજના પ્રમાણમાં પણ સતત વધ ઘટ થતી રહે છે.આજે પણ સવારે ભેજનું પ્રમાણ વધીને ૬૩ ટકા થઈ ગયું હતું. જેના લીધે વાતાવરણમાં ઉકળાટ પ્રવર્તયો હતો.વળતા ઉનાળે ગરમીનું જોર એકધારૂ યથાવત રહેતા નાગરિકો ગરમીના લીધે બેબાકળા બની ગયા છે. જયારે આકરી ગરમી બાદ રાત્રિના શહેરમાં રોનક જાવા મળી રહી છે.દિવસની ગરમી બાદ રાત્રિના શહેરના માર્ગો પર ધમધમાટ જોવા મળી રહયો છે.

## બુકલેટ-પીનનું આજે વિતરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂ કરી દેશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાતમાં આગામી બે સપ્તાહ પરીણામ જાહેર અને પ્રવેશને લઈને વ્યસ્ત રહેવાના છે આગામી ૨૮મી મેનાં રોજ ગુજરાત બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરીણામ જાહેર થવાનું છે. ત્યારે બીજી બાજુ એડમિશન કમિટી ફોર પ્રોફેશન કોર્સિસ દ્વારા ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કાર્યવાહી પણ શરૂ કરી છે. ડીગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાની પ્રક્રિયાનો ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર કર્યાના બે દિવસબાદ એટલે કે ૩૦મી મેથી શરૂ કરવામાં આવનાર છે. જો કે તે પહેલા ડિગ્રી ઈજનેરી અભ્યાસક્ર માટેના પ્રવેશ માટેની માહિતી પુસ્તીકા અને ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે જરૂરી પીન નંબરના વિતરણની કામગીરી આવતીકાલથી શરૂ કરી દેવાશે ઉમેદવારો પંજાબ નેશનલ બેંકની નિર્ધારીત ૧૧૨ શાળાઓમાંથી આ માહીતી પુસ્તીકા અને પીન નંબર મેળવી શકશે ત્યાર બાદ ૩૦મી મેથી ડિગ્રી ઈજનેરી પ્રવેશ માટે ફોર્મ ભરવાની પ્રક્રિયાનો ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન ભરવાનું રહેશે જેમની પાસે ઈન્ટરનેટની સુવિધા ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ દ્વારા હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. ઉમેદવારો આ હેલ્પ સેન્ટરનો ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે વિના મૂલ્યે ઉપયોગ કરી શકશે.

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને પછી બિલ્ડર્સ કે ડેવલપર્સને જમીનની મંજૂરી આપવામાં આવે તો ૧૦ ગણી સ્પીડથી નવા વિસ્તારનો વિકાસ થશે. વિકસિત દેશોમાં આવું થાય છે, તો શા માટે ગુજરાતમાં આવું ન થઈ શકે.. આપણે ત્યાં અમદાવાદમાં ઔડા અને ગાંધીનગરમાં ગુડા અસ્તિત્વમાં આવ્યું છે ત્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઠેકાણાં જ નથી. ગટરો ઉભરાય છે. બોરના પાણી પીવા પીવાય છે. લાઈટની વ્યવસ્થા નથી. ગિફ્ટ સિટી એક બેસ્ટ ઉદાહરણ છે કે જયાં તમામ પ્રકારની સુવિધા પેરેલલ વિકસાવવામાં આવી છે. સ્માર્ટ સિટીમાં આવું શક્ય બનાવી શકાય તેમ છે...

**હવે શહેરોમાં પવન બદલાઇ રહ્યો છે ...**

ગુજરાત ભાજપ માટે ચોંકાવનારા સમાચાર એવા છે કે રાજયોના શહેરોમાં પાર્ટી તેનો જનાધાર ગુમાવી રહી છે. ગામડામાં તો આ ધોરણ હાલ ૬૦૪૦નું છે પરંતુ શહેરોમાં ઉલટી ગંગા વહે છે. જાણકારોના મતે સૌથી મોટી અસર મોંઘવારીની છે અને તે માત્ર શહેરોમાં વધુ દેખાય છે. સરકારના પગલાં એવા હોવા જોઈએ કે શહેરીજનોને વધુમાં વધુ સુવિધા પ્રાપ્ય થાય. હવે સર્વિસટેક્સની જાળ બહું મોટી થઈ રહી છે. ૧૨ ટકા ની જગ્યાએ ૧૪ ટકા સર્વિસ ટેક્સ લેવાનો થાય છે, જે શહેરીજનોને તમામ ખરીદી અને હોટલોના બીલો મોંઘા કરી આપશે. રાજયમાં પંચાયતોની સાથે નગરપાલિકા અને મહાનગરોની ચૂંટણી આવી રહી છે ત્યારે જો ભાજપના પ્રદેશ નેતાઓ આ દિશામાં વિચારશે નહીં તો બિન ભાજપ ઉમેદવારને ખોબે ખોબે મતો જતા રહેશે. લોકોને પડતી હાલાકી થી આ નેતાઓ અજાણ તો નથી જ પરંતુ તેને નજરઅંદાજ કરે છે, અને રાજકીય પંડિતોના કહેવા પ્રમાણે આ સૌથી મોટું જોખમ બની રહેશે...

**મોદીબધું ઠીક કરશે એ ભૂલી જાવ ...**

ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીનું કદ એટલું મોટું થઈ ચૂક્યું છે કે તેમના માટે ગુજરાત હવે ખૂબ નાનું રાજય બની રહ્યું છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં નરેન્દ્ર મોદી પ્રચાર કરવા આવશે અને ભાજપ માટે બધું સારૂં થઈ જશે તેવા ખ્યાલમાં રાચતા પ્રદેશ ભાજપના નેતાઓએ હવે સમજી લેવાનું છે કે મોદીના સાથ વિનાનું આ ઈલેક્શન છે, જેમાં તેમની મોટી કસોટી છે. વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં મોદી સ્ટાર કેમ્પેઈનર તરીકે આવે તે સમજી શકાય તેવી બાબત છે પરંતુ પંચાયતમાં મોદી ચૂંટણી પ્રચાર કરવા આવે તે માન્યામાં નથી આવતું... રાજયના ચીફ મિનિસ્ટરના જિલ્લાના પ્રવાસોથી એ સિદ્ધ થયું છે કે આ વખતની સ્થાનિક ચૂંટણીઓમાં મતો તેમના નામે મળવાના છે...

**પ્રજા વિમુખ થયેલી પાટી માટે નવી તક ...**

કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ નેતાઓ જો જૂથવાદ ભૂલીને સ્થાનિક ચૂંટણીની તૈયારીઓમાં લાગી જાય તો તેમના માટે આ એક મોટી તક છે. પ્રજાથી વિમુખ થયેલી પાર્ટીને ફરીથી બેઠી કરવી લોખંડના ચણા ચાવવા જેવી છે પરંતુ સખ્ત મહેનત પરિણામ લાવી આપે તેમ છે. સાચી લોકશાહીમાં બન્ને પાર્ટીઓ વચ્ચે કશ્મકશ હોવી જરૂરી છે. કોંગ્રેસના એક નેતાએ કહ્યું હતું કે રાજયમાં જયારે કોઈપણ ચૂંટણી થાય ત્યારે ભાજપના ઉમેદવાર બિનહરીફ થાય તેવી સિચ્યુએશન આવે તો તે પાર્ટી માટે સૌથી મોટી શરમજનક હાર સાબિત થાય છે. આ સ્થિતિનું નિર્માણ આગામી ચૂંટણીઓમાં ના થાય તેનું પાર્ટીના સિનિયર લિડરોએ ધ્યાન રાખવું પડશે. એ સાથે વિસ્તારમાં સ્વચ્છ પ્રતિભા, લોકપ્રિય અને યુવા ઉમેદવારો પસંદ થાય તે વધુ ઈચ્છનિય છે...

**૧૧ થી ૨૦ જૂન ચલો સ્કૂલ ચલે હમ ...**

ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનું અભિયાન ૧૧મી જૂન થી શરૂ થઈ રહ્યું છે જે ૨૦મી જૂન સુધી ચાલવાનું છે. પ્રથમ ત્રણ દિવસ એટલે કે ૧૧ થી ૧૩ જૂને આ મહોત્સવ ગ્રામ્ય વિસ્તારની સ્કૂલોમાં યોજાશે જયારે ૧૮ થી ૨૦ મી જૂને અભિયાન શહેરી વિસ્તારની સ્કૂલોમાં ચાલશે. આ વખતે લોએસ્ટ ગ્રેડ હશે તે શાળાઓને પ્રાધાન્ય આપવાનું સરકારે નક્કી કર્યું છે. રાજયભરની ૩૩૫૦૦ સ્કૂલોમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અભિયાન ચાલશે જે પૈકી ૩૦૦૦ સ્કૂલો લોએસ્ટ ગ્રેડની છે. અભિયાનમાં ખુદ ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ, કેબિનેટના તમામ મિનિસ્ટર્સ, ચીફ સેક્રેટરી ડી.જે.પાંડિયન સહિતના તમામ આઈએએસ અને આઈપીએસ ઓફિસરો તેમજ શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ જોડાનાર છે...

**ગાંધીનગરમાં ૧૦ માળની આઇઆઇટી ...**

ગાંધીનગરમાં ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી આઈઆઈટીનું નવું બિલ્ડીંગ ગિફ્ટ સિટી પાસે પાલજમાં ઉભું થઈ રહ્યું છે. આ બિલ્ડીંગ ૧૦ માળ અને ૩૦ મીટરની હાઈટ ધરાવે છે. ૪૦૦ એકર જમીનમાં ફેલાયેલું આ આઈઆઈટી ભવન જૂન મહિનામાં શરૂ થવાની સંભાવના છે. આ બિલ્ડીંગની ડિઝાઈનમાં છ આર્કિટેક્ચરલ ફર્મ જોડાયેલી છે, જેમાં દિલ્હી બેઝ ગ્રીન કેમ્પસ ડેપલપમેન્ટ કોન્સોર્ટિયમ, એચસીપી ડિઝાઈન પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ, વાસ્તુશિલ્પ કન્સ્ટ્રક્શન અને પૂને બેઝ મિટીમિત્રા કન્સલ્ટન્ટનો સમાવેશ થાય છે. આ લેન્ડમાર્ક ટાવરની એક સાઈડે સાબરમતી નદી છે. સંચાલકો કહે છે કે આ બિલ્ડીંગમાં ૧૨૦૦ સ્ટુડન્ટ્સ એકોમોડેટ થઈ શકે છે...

**સ્માર્ટસિટીના વર્કશોપ માટે ગુજરાત હોસ્ટ ...**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી એ ભારતના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટે હોસ્ટ બન્યું છે. દેશનો પહેલો નેશનલ પ્રોફેશનલ ટ્રેઈનિંગ વર્કશોપ અમદાવાદના આંગણે ૧૦ થી ૧૨ જુલાઈ સુધી યોજાવાનો છે. આ વર્કશોપમાં પોલિસી મેકર્સ, અર્બન એક્ઝિક્યુટીવ્સ, મ્યુનિસિપલ ઓફિસર્સ, અર્બન પ્લાનર્સ, આઈસીટી પ્રોફેશનલ્સ, રિસર્ચર અને નોન ગવર્નમેન્ટસ ઓર્ગેનાઈઝેશન જોડાશે. આ વર્કશોપમાં ગિફ્ટ સિટી, સ્માર્ટ અર્બન ગવર્નન્સ અને અર્બન રિન્યુઅલ મિશન જેવા પ્રોજેક્ટ દર્શાવાશે...